R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૭ ● તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૬ ● અંક નં. ૪૯

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : એસ. બી. રાવલ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

વેબસાઈટ : **www.gujaratinformation.net**   **www.facebook.com/gujaratinformation.official**   **Phone No. : 079-232-53440**

## સ્ટાફ સિલેક્શન કમિશન

### અર્ધ લશ્કરી દળોમાં સબ ઈન્સ્પેક્ટર/આસિ. સબ ઈન્સપેકટરની જગ્યાઓ માટે ભરતી

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૫-૨-૨૦૧૬**

**જગ્યાની કુલ સંખ્યા : પછીથી જાહેર થશે.**

**લેખિત પરીક્ષાની તારીખ :** ૨૦-૩-૨૦૧૬.

કેન્દ્ર સરકારના અર્ધ લશ્કરી દળો જેવાં કે, સી. આર. પી. એફ. (CRPF) ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ ITBP, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયૂરિટિફોર્સ (CISF) સશસ્ત્ર સીમા બળ (SSB) તથા **દિલ્હી** પોલીસમાં સબ ઈન્સ્પેકટર (એકિઝ) તેમજ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયૂરિટિ ફોર્સ (CISF)માં આસિ. સબ ઈન્સ્પેકટરની જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. મહિલા ઉમેદવારો BSF, ITBP, CRPF, CISF, SSB સબ ઈન્પેકટર/આસિ. સબ ઈન્સ્પેકટર માટે અલગથી તારવવામાં આવેલી જગ્યાઓ માટે અરજી કરી શકે છે.

♦ ઉમેદવારોએ અરજી ફોર્મમાં જે તે જગ્યાનો અગ્રતાક્રમ દર્શાવવાનો છે. તે માટે નીચે મુજબ જગ્યાનો કોડ દર્શાવવાનો છે.

| પોસ્ટ કોડ | કેડર |
|---|---|
| A | સબ ઈન્સ્પેક્ટર ઈન દિલ્હી પોલીસ |
| B | સબ ઈન્સ્પેક્ટર ઈન BSF |
| C | સબ ઈન્સ્પેક્ટર ઈન CISF |
| D | સબ ઈન્સ્પેક્ટર ઈન CRPF |
| E | સબ ઈન્સ્પેક્ટર ઈન ITBPF |
| F | સબ ઈન્સ્પેક્ટર ઈન SSB |
| G | આસિ. સબ ઈન્સ્પેક્ટર ઈન CISF |

❑ **જગ્યાઓની વિગતો :**

**Vacancies & Reservation -:**
**Vacancies of Sub-Inspector in CAPFs**

**Note-I :** Candidates selected for appointment for posts of SI. in CAPFs & ASI in CISF are liable to serve anywhere in India.

**Note-II :** There is no vacancy for the post of woman SI (Exe) in Delhi Police for direct recruitment.

**Note-III :** The number of vacancies in indicative and may undergo change any time.

* Reservation for SC / ST / OBC / Ex.S / etc. categories is available as per extant Govt. orders and as communicated by the departments reporting vacancies.
* In Delhi Police reservation is available for Ex. Servicemen and special categories of Ex. Servicemen as detailed below :-
* Out of 10% quota meant for Ex. Servicemen, 50% of such quota will be reserved for the following categories :-

(i) Having served in the Special Force / NSG (Special Action Group)

OR

(ii) Having received a QI 'Qualified Instructors' grading in the commando course.

OR

(iii) Officers from the Navy/Air Force who have worked in the specialized commando type units.

❑ **પગાર ધોરણ :**

- સબ ઈન્સ્પેકટર માટે રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ + રૂા. ૪૨૦૦ ગ્રેડ પે.
- આસિ. સબ ઈન્સ્પેકટર માટે રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ + રૂા. ૨૮૦૦ ગ્રેડ પે.

❋ **શારીરિક વિકલાંગ ઉમેદવારો અરજી કરવા પાત્ર નથી.**

❋ પસંદ થયેલા ઉમેદવારોએ ભારતમાં કોઈપણ સ્થળે ફરજ બજાવવાની તૈયારી રાખવાની રહેશે.

❋ ઉમેદવારોને તાલીમ માટેની ક્ષમતા અને ઉપલબ્ધ જગ્યાઓની સંખ્યાને આધારે નિમણૂક આપવામાં આવશે.

❑ **રાષ્ટ્રિયતા :** ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈએ.

❑ **વય મર્યાદા :** તા. ૧-૧-૨૦૧૬નાં રોજ ઉમેદવારની વય ૨૦ થી ૨૫ વર્ષની હોવી જોઈએ.

❋ ઉંમરની ખરાઈ માટે મેટ્રિક્યુલેશન/સેકન્ડરી પરીક્ષામાં દર્શાવેલ જન્મ તારીખ જ માન્ય ગણવામાં આવશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** (તા. ૧-૧-૨૦૧૬ના રોજ) માન્ય બોર્ડ/યુનિ.માંથી સ્નાતક અથવા તેને સમકક્ષ.

❑ **સબ ઈન્સ્પેક્ટર દિલ્હી પોલીસ માટે :** પુરૂષ ઉમેદવારો લાઈટ મોટર વ્હીકલ ચલાવવા અંગેનું લાયસન્સ ધરાવતા હોવા જોઈએ. તેના સિવાય શારીરિક ધોરણ અને સ્ટાન્ડર્ડ ટેસ્ટમાં ભાગ લઈ શકાશે નહીં.

❑ **અરજી ફી :** ઉમેદવારો ઓન લાઇન અરજી કરવાની રહેશે.

❋ મહિલા ઉમેદવારો, અ.જા./અ.જ.જા., એકસ સર્વિસમેન ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી. અન્ય તમામ વર્ગના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂા. ૧૦૦ ચૂકવવાના છે.

❋ એકવાર ફી ચૂકવ્યા બાદ પરત મળી શકશે નહીં.

❑ **ઓન લાઈન અરજી :** ઉમેદવાર કમિશનની વેબસાઈટ **www.ssconline2.nic.in** ઉપર ઓન લાઈન અરજી કરી શકે છે. ઉમેદવારોએ અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચલન દ્વારા અથવા એસ.બી.આઈ.ની નેટ બેન્કીંગ સુવિધાના માધ્યમથી અથવા ક્રેડિટ તથા ડેબીટ કાર્ડ દ્વારા ચૂકવી શકાશે.

❋ **પરીક્ષા કેન્દ્રો અને કોડ નંબર :**
અમદાવાદ (7001), વડોદરા (7002), રાજકોટ (7006), સુરત (7007), મુંબઈ (7204)

❑ **ભરતીની પ્રક્રિયા :**

❋ લેખિત પરીક્ષા (પેપર-I તા. ૨૦-૩-૨૦૧૬)

| | વિષય | પ્રશ્નોની સંખ્યા | મહત્તમ ગુણ | સમય |
|---|---|---|---|---|
| ભાગ-A | જનરલ ઈન્ટેલિજન્સ એન્ડ રિઝનીંગ | ૫૦ | ૫૦ | બે કલાક |
| ભાગ-B | જનરલ નોલેજ અને જનરલ એવેરનેસ | ૫૦ | ૫૦ | (સવારે ૧૦-૦૦ થી બપોરે ૧૨-૦૦) |
| ભાગ-C | કવોન્ટિટેટિવ એપ્ટિટયુડ | ૫૦ | ૫૦ | |
| ભાગ-D | અંગ્રેજી ગદ્ય લેખન | ૫૦ | ૫૦ | |

➔

❋પેપર-II (તા. ૫-૬-૨૦૧૬)

| વિષય | મહત્તમ ગુણ/પ્રશ્નો | સમય ગાળો |
|---|---|---|
| અંગ્રેજી ભાષા અને ગદ્ય લેખન | ૨૦૦ ગુણ/ ૨૦૦ પ્રશ્નો | બે કલાક (સવારે ૧૦-૦૦ થી બપોરે ૧૨-૦૦) |

❋ બંને પેપર હેતુલક્ષી પ્રશ્નવાળા બહુ વિકલ્પ આધારીત હશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજીમાં રહેશે. પેપર-I ના ભાગ A,B,C માટે)

❋ ખોટા જવાબો બદલ નકારાત્મક ગુણ કાપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ બદલ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે.

❋ **શારીરિક સુસજ્જતા કસોટી** (PET)/ તબીબી પરીક્ષા માટે પેપર-I માં સારો દેખાવ કરનાર ઉમેદવારને જ પેપર-II માટે બોલાવવામાં આવશે. PST/PET માં કવોલીફાય થયેલા ઉમેદવારનાં જ પેપર-II ચકાસવામાં આવશે.

❋ **શારીરિક માપદંડ કસોટી :** અરજી કરનારા ઉમેદવારો પૈકી પેપર-I માં યોગ્ય પૂરવાર થયેલા ઉમેદવારોને કમિશન દ્વારા નિર્ધારીત સ્થળાએ શારીરિક માપદંડ (PST) કસોટી અને શારીરિક સુસજ્જતા કસોટી (PET) માટે બોલાવવામાં આવશે. PET/PST બાદ જ ઉમેદવારોની વિસ્તૃત તારવણી કરવામાં આવશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે નીચે દર્શાવ્યા મુજબની શારીરિક યોગ્યતા ધરાવતા હોય તો જ PST/PET માં ઉપસ્થિત થવું.

- પુરૂષ (ઊંચાઇ) ૧૭૦ સે.મી.
- મહિલા (ઊંચાઇ) ૧૫૭ સે.મી.
- છાતી (પુરૂષ) : ૮૦ સે.મી. (પાંચ સે.મી.નો ફૂલાવો હોવો જરૂરી)
- વજન : મહિલા/પુરૂષ બંને માટે ઊંચાઈને અનુરૂપ સપ્રમાણ વજન.
- અ.જ.જા. વર્ગના પુરૂષ ઉમેદવારો માટે ઊંચાઇનું માપ-૧૬૨.૫ સે.મી. અને છાતીનું માપ ૭૭ સે.મી. (પાંચ સે.મી.નો ફુલાવો જરૂરી) હશે તો પણ ચાલશે. અ.જ.જા. વર્ગની મહિલા ઉમદવારો માટે ઊંચાઇ ૧૫૪ સે.મી. હશે તો પણ ચાલશે.

❋ PET/PST માં સૌ પ્રથમ બાર સેટ હેઠળ ઉમેદવારોની ઊંચાઇ ચકાસવામાં આવશે. જેઓ ઊંચાઇનો નિર્ધારીત માપદંડ ધરાવતા ન હોય તો તેઓને ભરતી પ્રક્રિયામાંથી દૂર કરવામાં આવશે.

❋ PET/PST એટલે કે ઊંચાઇ અને છાતીના માપની ચકાસણીમાં નિષ્ફળ નિવડેલા ઉમેદવારો આ અંગે અસંતોષ અનુભવતા હોય તો સ્થળ ઉપર ઉપસ્થિત એપલેટ ઓથોરીટીને લેખિતમાં અપીલ કરી શકે છે. આ અંગે એપલેટ ઓથોરીટીનો નિર્ણય આખરી અને અંતિમ ગણાશે. તેની સામે પુનઃ અપીલ થઇ શકશે નહીં.

➔ **PET (ફિઝિકલ ઈફીશિયન્સી (એન્ડુરન્સ) ટેસ્ટ :**
**પુરુષો ઉમેદવારો માટે :** (અ) ૧૬ સેકન્ડમાં ૧૦૦ મીટર દોડ (બ) ૬.૫ મિનિટમાં ૧.૬ કિ.મી. ની દોડ (ક) લાંબો કૂદકો - ત્રણ તકમાં ૩.૬૫ મીટર (ડ) ઊંચો કૂદકો - ત્રણ તકમાં ૧.૨ મીટર (જ) શોટ પૂટ (૧૬ Lbs)- ૩ તકમાં ૪.૫ મીટર
**મહિલા ઉમેદવારો માટે :** (અ) ૧૮ સેકન્ડમાં ૧૦૦ મીટર દોડ (બ) ૪ મિનિટમાં ૮૦૦ મીટર દોડ (ક) લાંબો કૂદકો - ત્રણ તકમાં ૯ ફૂટ (ડ) ઊંચો કૂદકો - ત્રણ તકમાં ૩ ફૂટ

* પરીક્ષાના અભ્યાસક્રમ માટે કમિશનની વેબસાઈટ જોવી અથવા **તા. ૯-૧-૨૦૧૬નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો.**

❑ **તબીબી પરિક્ષણ :** લેખિત પરીક્ષામાં કમિશન દ્વારા નિર્ધારીત કટ ઓફ માર્કસ મેળવનાર ઉમેદવારોએ તબીબી પરીક્ષણમાં ઉપસ્થિત થવાનું રહેશે. અહીં ઉમેદવારોની શારીરિક અને તબીબી ફીટનેસ ચકાસવામાં આવશે.

* **તબીબી ધોરણ :** દ્દષ્ટિ : ઉમેદવાર લઘુત્તમ દૂરની દ્દષ્ટિ ચશ્મા પહેર્યા વિના ૬/૬, ૬/૯ ની ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર ઊંચી રંગ દ્દષ્ટિ ધરાવતા હોવા જોઈએ.
* ઉમેદવાર વળેલા ઘૂંટણ, સપાટ તળિયા, ઉપસેલી નસો, ત્રાંસી આંખ, ટૂંકા પગ, ડાબી આંખ બંધ કરવાની અસમર્થતા, સરળતાથી આંગળીઓ વાળી ન શકવી જેવી શારીરિક ખામીઓથી મુક્ત હોવા જોઈએ. ઉમેદવાર શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત હોવા સાથે ફરજમાં અંતરાયરૂપ બને તેવી કોઈપણ શારીરિક ખામીઓથી મુક્ત હોવા જોઈએ.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

* ઉમેદવારોએ વેબસાઈટ **www.ssconline2.nic.in** ઉપર ઓનલાઈન અરજી કરવાની છે.
* અરજી કર્યા બાદ યોગ્યતા ધરાવતા ઉમેદવારોને કમિશન દ્વારા રોલ નંબર ફાળવવામાં આવશે. PST/PET માટે બોલાવવાના સમયે ઉમેદવારોને આ રોલ નંબર ફાળવવામાં આવશે. આ રોલ નંબર દરેક પત્રવ્યવહાર વખતે જણાવવાનો રહેશે.

❑ **વય મર્યાદામાં છૂટછાટ :**

| **કોડ નંબર** | **કેટેગરી** | **મળવાપાત્ર છૂટછાટ** |
|---|---|---|
| ૦૧ | અ.જા./અ.જ.જા. | પાંચ વર્ષ |
| ૦૨ | અ.પ.વ. | ત્રણ વર્ષ |
| ૦૬ | એક્સ સર્વિસમેન (સામાન્ય) બાદ ત્રણ વર્ષ સુધીની | સેવાના વર્ષો હાલની ઉંમરમાંથી બાદ કર્યા |
| ૦૭ | એક્સ સર્વિસમેન (અ.પ.વ.) બાદ છ વર્ષ સુધીની | સેવાના વર્ષો હાલની ઉંમરમાંથી બાદ કર્યા |
| ૦૮ | એક્સ સર્વિસમેન (અ.જા./ અ.જ.જા.) | સેવાના વર્ષો હાલની ઉંમરમાંથી બાદ કર્યા બાદ આઠ વર્ષ સુધીની |

**ANNEXURE - X**
**Essential Qualification Qualification Code**

| **Essential Qualification** | **Code** |
|---|---|
| Matriculation/10th Class Pass | 01 |
| Intermediate/Higher Secondary | 02 |
| Certificate | 03 |
| Diploma | 04 |
| B.A. | 05 |
| B.A. (Hons.) | 06 |
| B.Com. | 07 |
| B.Bom. (Hons.) | 08 |
| B.Sc. | 09 |
| B.Sc. (Hons.) | 10 |
| **B.Ed.** | 11 |
| LLB | 12 |
| BE | 13 |
| B.Tech. | 14 |
| AMIE (Part A & Part B) | 15 |
| B.Sc. (Engg.) | 16 |
| BCA | 17 |
| BBA | 18 |
| Graduation issued by Defence (Indian Army. Air Force, Navy) | 19 |
| B. Lib. | 20 |
| B. Pharm | 21 |
| ICWA | 22 |
| CA | 23 |
| PG Diploma | 24 |
| M.A. | 25 |
| M.Com. | 26 |
| M.Sc. | 27 |
| M.Ed. | 28 |
| LLM | 29 |
| ME | 30 |
| M.Tech. | 31 |
| M.Sc. (Engg.) | 32 |
| MCA | 33 |
| MBA | 34 |
| Others | 35 |

**Subject Code for Educational Qualification**

| **Subject of Educational Qualification** | **Code** |
|---|---|
| History | 01 |
| Political Science | 02 |
| Economics | 03 |
| English Literature | 04 |
| Hindi Literature | 05 |
| Geography | 06 |
| Commerce | 07 |
| Law | 08 |
| Physics | 09 |
| Chemistry | 10 |
| Mathematics | 11 |
| Statistics | 12 |
| Botany | 13 |
| Zoology | 14 |
| Agricultural Science | 15 |
| Civil Engineering | 16 |
| Electrical Engineering | 17 |
| Mechanical Engineering | 18 |
| Electronics Engineering | 19 |
| Electronics & Power Engineering | 20 |
| Electronics & Comm. Engineering | 21 |
| Electronics Instru. Engineering | 22 |
| Agriculture Engineering | 23 |
| Computer Science | 24 |
| Comouter Application | 25 |
| Information Technology | 26 |
| Library Science | 27 |
| Accountancy | 28 |
| Work Accountancy | 29 |
| Business Administration | 30 |
| Mass Communication | 31 |
| Journalism | 32 |
| Mass Communication & Journalism | 33 |
| Pharmary | 34 |
| Photography | 35 |
| Printing Technology | 36 |
| Nursing | 37 |
| Assamese | 38 |
| Bengali | 39 |
| Malayalam | 40 |
| Telugu | 41 |
| Kannada | 42 |
| Tamil | 43 |
| Marathi | 44 |
| Gujarati | 45 |
| Urdu | 46 |
| Sanskrit | 47 |
| OTHERS | 48 |

# UNION PUBLIC SERVICE COMMISSION

**DHOLPUR HOUSE, SHAHJAHAN ROAD**
**NEW DELH1-110069**
**INDICATIVE ADVERTISEMENT NO. 01/2016**

Online Recruitment Applications (ORA) are invited for direct recruitment by selection through website http://www.upsconline.nic.in to the following posts by **28th January, 2016.**

**1. (Vacancy No. 16010101509)** Three Joint Directors (Crops Development Directorates), Ministry of Agriculture & Farmers Welfare, Department of Agriculture, Cooperation & Farmers Welfare, Crops Division (SC-01 & UR-02).

**2. (Vacancy No. 16010102509)** Two Agricultural Engineers in Farm Machinery Training and Testing institute, Ministry of Agriculture & Farmers Welfare, Department of Agriculture, Cooperation & Farmers Welfare (OBC-01 & UR-01).

**3. (Vacancy No. 16010103109)** Two Medical Officers/ Research Officers (Siddha), Ministry of Ayush (OBC-01 & UR-01).

**4. (Vacancy No. 16010104209)** Four Senior Examiners of Trade Marks & Geographical Indications in the Office of the Controller General of Patents, Designs and Trade Marks, Ministry of Commerce & Industry, Department of Industrial Policy & Promotion (ST-01, OBC-02 & UR-01).

**5. (Vacancy No. 16010106609)** Four Senior Scientific Officer Grade- II (Armament) in Directorate General of Quality Assurance, Ministry of Defence, Department of Defence Production (SC-01, OBC-01 & UR-02).

**6. (Vacancy No. 16010108609)** One Senior Scientific Officer Grade- II (Chemistry) in Directorate General of Quality Assurance, Ministry of Defence, Department of Defence Production (OBC-01).

**7. (Vacancy No. 16010105609)** Four Senior Scientific Officer Grade- 11 (Engineering) in Directorate General of Quality Assurance, Ministry of Defence, Department of Defence Production (SC-02 & UR-02).

**8. (Vacancy No. 16010107609)** One Senior Scientific Officer Grade- 11 (Metallurgy) in Directorate General of Quality Assurance, Ministry of Defence, Department of Defence Production (UR-01).

**9. (Vacancy No. 16010109409)** Two Economic Officers, Ministry of Finance, Department of Economic Affairs (OBC-01 & UR-01).

**10. (Vacancy No. 16010110209)** One Deputy Assistant Director (Bio-chemistry) (Non-Medical) in Central Research Institute, Kasauli (Himachal Pradesh), Ministry of Health and Family Welfare, Directorate General of Health Service (UR-01).

**11. (Vacancy No. 16010111409)** Six posts in Senior Grade of Indian Information Service, Ministry of Information & Broadcasting (OBC-03 & UR-03).

**12. (Vacancy No. 16010112609)** Two Assistant Director Grade- 11 (industrial Management and Training) in the Office of the Development Commissioner, Ministry of Micro, Small and Medium Enterprises, (MSME-DO) (UR-02).

**13. (Vacancy No. 16010113609)** One Assistant Director Grade- II (Leather and Footwear) in the Office of the Development Commissioner, Ministry of Micro, Small and Medium Enterprises, (MSME-DO) (UR-01).

**14. (Vacancy No. 16010114409)** One Deputy Director (ER) in the Office of the Union Public Service Commission (UR- 01).

**15. (Vacancy No. 16010115409)** One Deputy Director (ER) in the Office of the Union Public Service Commission (SC-01).

The candidates willing to apply for the above posts are advised to visit Commission's ORA Website http://www.upsconline.nic.in. The detailed advertisement along-with 1nstructions and Additional Information to candidates for recruitment by Selection' has been displayed on Commission's Website http://www.upsc.gov.in as well as on the Online Recruitment Application (ORA) website http://www.upscontine.nic.in

# AIRPORTS AUTHORITY OF INDIA

**(A miniratna - Category - 1 Public Sector Enterprise)**

**Rajiv Gandhi Bhawan, Safdarjung Airport, New Delhi-110003**

## Advt. No.7/2015

Airports Authority of India invites applications from eligible candidates to apply online through AAI's website: www.aai.aero for the post of Junior Executives (Air Traffic Control) to be filled as per details given below:

| Post Code | Name of Post | No. of Vacancies & Reservation | | | | |
|---|---|---|---|---|---|---|
| | | General | OBC(NCL)* | SC | ST | Total |
| 01 | Junior Executive (Air Traffic Control)<br>*(NCL)= (Non-Creamy Layer)* | 101 | 54 | 30 | 15 | 200 |

i) The number of vacancies is tentative and may increase or decrease at sole discretion of AAI.

ii) Only Indian National fulfilling eligibility criteria can apply for the above post.

iii) The reservation for SC/ST/OBC (Non-Creamy Layer) will be applicable as per the Government of India rules.

iv) Category and Sub-Category [SC/ST/OBC (NCL)/Ex-Serviceman] once filled by candidate in the online application form will not be changed and no benefit of other category will be admissible later on. Vacancies reserved for OBC (NCL) category are available to OBC candidates belonging to Non-Creamy Layer (NCL) only as per Govt. of India Guidelines.

❑ **IMPORTANT DATES:**

| Event | Date | Timings |
|---|---|---|
| Opening Date for On-Line Registration of Applications | 9th January, 2016 | 10.00 AM onwards |
| Last Date for Completion of Step-1 of On-Line Registration | 30th January, 2016 | Up to 1800 hrs. |
| Last Date for depositing examination fee at State Bank of India* | 4th February, 2016 | Banking business closing Hours |
| Last Date for completion of Step-2 of On-Line Registration which is also closing of Registration | 9th February, 2016 | Up to 1800 hrs. |

*Closing hour of business

For more details, please refer to instructions under "HOW TO APPLY" in this advertisement while filling up on-line registration form and also detailed instructions given in main instructions page of on-line application.

Candidates in their own interest are advised, not to wait till the last date & time and register their application well in advance. AAI shall not be held responsible, if the candidate is not able to submit his/her application due to last minute rush.

❑ **MINIMUM QUALIFICATION** *:*

The candidate should possess the following qualifications for on-line registration of application:

**Junior Executive (ATC):**

Regular full time Bachelor's Degree of three years in Science (B.Sc.) with Physics and Mathematics from a recognized university with minimum 60% marks or full time regular Bachelor's degree in Engineering in any discipline from a recognized University with minimum 60% marks.

The candidate shall have minimum proficiency in both spoken and written English of the level of 10+2 standard. He/she shall also attain the ICAO language minimum proficiency level 4 (operational) for the purpose of issue of license or rating. Any candidate who is not able to attain ICAO proficiency level 4 or able during the training, his /her services are liable to be terminated.

The **departmental candidates** possessing recognized degrees obtained through part-time/ correspondence/distance education mode are also eligible to appear in the computer based test/ online examination.

❑ **Important instructions:**

(a) Candidate must specifically indicate the percentage of marks obtained (calculated to the nearest two decimals) in the relevant column of the application. Where percentage of marks is not awarded by the University but only CGPA/ OGPA is awarded, the same shall be converted into percentage in terms of conversion norms of University in this regard, besides indicating the CGPA/OGPA in the application. Candidate will have to produce the certificate/document issued by the University evidencing conversion formula of university & percentage of marks, when called for document verification.

(b) Round off %age will not be acceptable under any circumstances for consideration for appointment i.e. 59.99% will be treated as less than 60%.

(c) The date of declaration of result / issuance of Mark Sheet shall be deemed to be date of acquiring the qualification and there shall be no relaxation on this account.

❑ **Scale of Pay**: *Rs.16400-3%-40500 (E-1)*

**Emoluments:** In addition to Basic Pay, increment @3% of Basic Pay, Dearness Allowance, Perks @ 46% of Basic Pay, HRA and Other benefits which includes CPF, Gratuity, Social Security Schemes, Pension, Medical Benefits, uniform etc., are admissible as per AAI rules.

The total emoluments per annum would be around Rs.7 lakhs for the post of Junior Executive.

❑ **AGE LIMIT AS ON 30.01.2016**

(a) Not more than 27 years for Unreserved Candidate.

(b) Not more than 30 years for OBC candidate.

(c) Not more than 32 years for SC/ST Candidate.

(d) For Ex-servicemen, age relaxation is applicable as prescribed by Govt. of India orders issued from time-to-time.

(e) Relaxation by 05 (Five) Years for the candidate who had ordinarily been domiciled in the State of Jammu & Kashmir during the period 01.01.80 to 31.12.1989 and candidate has to provide the certificate for the same issued by District Magistrate/Block Development Officer/Sub Divisional Officer at the time of interview.

(f) Upper age limits are relaxable by ten years for Candidates who are in regular service of AAI.

(g) The Date of Birth as recorded in the Matriculation/ Secondary Examination Certificate only will be accepted. No subsequent request for its change will be entertained.

(h) Candidature may be cancelled at any stage of recruitment process or after recruitment/joining, in case any information provided by the candidate is found to be false or is not found in conformity with the eligibility criteria mentioned in this advertisement and his/her claim towards SC/ST/ OBC.

❑ **SELECTION PROCEDURE:**

♦ **Junior Executive(ATC) :** Online test, Voice Test and Interview.There will not be any negative marking for wrong answer attempted by the candidates. The computer based test/examination will be generally in conformity with the educational standards and/or technical qualifications prescribed for the posts as per the syllabus available at the Link given under Careers tab of www.aai.aero .

♦ Screening and eligibility will be based on the details provided by the candidate. Before applying for the post, the candidate should ensure that he/ she fulfills the eligibility and other norms mentioned in the Advertisement. Furnishing of wrong/false information will be a disqualification and AAI will not be responsible for any consequence of furnishing of such wrong/false information.

♦ The candidates found provisionally eligible shall be shortlisted for Online test/voice test/interview and provisional admit cards will be issued accordingly.

♦ Candidates already working in Government/Semi-Government/Public Sector Undertaking are required to produce **"No Objection Certificate"** from the present employer at time of document verification/interview. They are advised to seek prior approval from Competent Authority in their own interest before applying through online registration form because in the absence of `No Objection Certificate', such candidates will not be allowed to appear in the interview.

♦ During document verification, the candidate will have to produce their Original Certificates along with one set of self attested photocopies and original Fee Challan *[Loss of Original Fee Challan shall be the sole responsibility of the candidate]*. No additional time will be given and the candidature/interview of candidate for not producing their original certificates/testimonials on the date of verification is liable to be forfeited.

♦ Appointment of successful candidates will be subject to verification of various original documents relating to Age, Qualifications, Caste & Medical fitness certificate issued by the Medical Authorities as prescribed under the rules of AAI.

♦ Mere fulfilling of the minimum qualifications will not vest any right on candidates for being called for interview. No interim correspondence will be entertained.

♦ AAI reserves the right to raise the minimum eligibility standards as well as the right to fill or not to fill all or any of the above given vacancies without assigning any reason whatsoever.

♦ No separate communication will be issued regarding results except to the selected candidates.

♦ Subsequent changes if any, made in the recruitment advertisement shall be communicated through the website. Hence, the candidates are advised to visit email account/AAI website regularly for further updates.

♦ Training period/Bond amount/bond period will be intimated alongwith terms and conditions of appointment.

❑ **EXAMINATION CENTRES**

The Written Examination may be held at **TEN CITY Centres (Delhi/Mumbai/Kolkata/Chennai/ Hyderabad /Trivandrum/Allahabd/Guawahati/ Nagpur/Ahmedabad)** only. However the number of centres will increase or decrease depending upon the number of applications received. In case the number of candidates are more in a particular city than the capacity, candidates may be allotted nearby cities to the main city of examination also. Applicants should clearly indicate their order of preference for any two "Examination Centres", for written test according to their preferred option of the centre in the online application format. No request for change of examination centre will be entertained after final submission of application form.

(i) The Online Question Paper will be in bilingual (English & Hindi Language only).

(ii) Candidates coming late will not be allowed. The candidates will be required to report at the examination centre at least 90 minutes before the commencement of the online examination.

(iii) Time Schedule may change depending upon number of applications received for a particular post.

(iv) It is compulsory for candidates to carry a photo ID such as Voter's ID, Driving License, ID Cards issued by Government(s) or other Offices, Aadhaar Card. Candidates should carry both, the printed copy of E-Admit Card and photo ID (as mentioned above) while coming to appear in the examinations. Candidate will not be allowed entry into the examination hall/venues, in case any of these are not available.

(અનુસંધાન પાન નં. ૭ ઉપર)

# ભારતીય સૈન્યમાં કાયદાના સ્નાતકો માટે અધિકારી બનવાની તક

## કાયદાના સ્નાતકો માટે શોર્ટ સર્વિસ કમિશન (NT) કોર્સ-એપ્રિલ - ૨૦૧૬

**ભારતીય સૈન્યમાં જજ એડવોકેટ જનરલ ડિપાર્ટમેન્ટમાં શોર્ટ સર્વિસ કમિશનની ગ્રાન્ટ માટે કાયદાના સ્નાતક એવા ભારતીય પરીણિત/અપરીણિત પુરૂષ/અપરીણિત મહિલા ઉમેદવારો પાસેથી ઓન લાઈન અરજીઓ મગાવામાં આવે છે.**

**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૬-૦૨-૧૬**

**જગાની સંખ્યા : ૧૪ (પુરૂષ-૧૦, મહિલા-૦૪)**

❑ **રાષ્ટ્રીયતા :** ભારતીય

❑ **વયમર્યાદા :** ૨૧ થી ૨૭ વર્ષ (તા. ૨-૭-૧૯૮૯ પહેલાં અને તા. ૧-૧-૧૯૯૫ બાદ જન્મેલા ન હોવા જોઈએ).

❑ **શૈક્ષણિક લાયકાત :**

➤ એકંદર કુલ ૫૫ ટકા ગુણ સાથે કાયદાના સ્નાતક (સ્નાતક બાદ ત્રણ વર્ષનો વ્યવસાયિક અથવા ૧૦+૨ પરીક્ષા બાદ પાંચ વર્ષનો)

➤ ઉમેદવાર બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/રાજ્ય સાથે નોંધણી કરાવવાપાત્ર હોવા જોઈએ.

❑ **પસંદગી પ્રક્રિયા :** પસંદગી પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

➤ અરજીઓ મળ્યા બાદ રિક્રૂટિંગ ડાયરેકટોરેટ આર્મી હેડ ક્વાર્ટર્સ દ્વારા પ્રાથમિક તારવણી કરવામાં આવશે. ADG રિક્રૂટિંગનો નિર્ણય અંતિમ ગણાશે. આ બાબતે કોઈપણ રજૂઆત વિચારણામાં લેવાશે નહીં.

➤ પ્રાથમિક તારવણી બાદ યોગ્ય ઠરેલા ઉમેદવારોએ સર્વિસ સિલેકશન બોર્ડ સમક્ષ નિર્ધારિત તારીખે ઉપસ્થિત થવાનું રહેશે. પાંચ દિવસ સુધી ઉમેદવારોની વિવિધ કસોટીઓ જેવી કે ગ્રુપ ટેસ્ટસ, મનોવૈજ્ઞાનિક કસોટી અને ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. ઉમેદવાર એસએસબી સમક્ષ ઉપસ્થિત થાય તે દિવસ પછીના પાંચ દિવસ ગણવાના રહેશે.

➤ **બે તબક્કાની પસંદગી પ્રક્રિયા :** સાયકોલોજીકલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ આધારિત બે તબક્કાની પસંદગી પ્રક્રિયા સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા અપનાવવામાં આવશે. ઉમેદવાર એસ.એસ.બી. સમક્ષ ઉપસ્થિત થાય તે દિવસે પ્રથમ તબક્કાની પરીક્ષા લેવાશે. પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને તે જ દિવસે પરત મોકલવામાં આવશે. બાકીના ઉમેદવારો બીજા તબક્કામાં પ્રવેશશે.

➤ બીજા તબક્કાની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોએ એસ.એસ.બી. સમક્ષ જન્મ તારીખ દર્શાવતું મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ, ડિગ્રી અથવા કામચલાઉ ડિગ્રી પ્રમાણપત્ર (દરેક વર્ષ/ભાગ/સેમિસ્ટરની માર્કશીટ અસલમાં અને એક પ્રમાણિત નકલ સાથે) રજૂ કરવાના રહેશે.

➤ સર્વિસ સિલેકશન બોર્ડ સમક્ષ યોગ્ય ઠરેલા ઉમેદવારો ત્યારબાદ મેડિકલ બોર્ડ દ્વારા પણ તબીબી રીતે સુસજ્જ જણાશે તો તેમની મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. ઉમેદવારોની અંતિમ પસંદગી તે સમયે ખાલી જગાઓની સંખ્યાને આધારે મેરીટ પ્રમાણે ભરવામાં આવશે.

❑ **તબીબી પરીક્ષા :**

➤ એસ.એસ.બી. દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોએ ત્યારબાદ સર્વિસ મેડિકલ ઓફિસર્સના બોર્ડની તબીબી ચકાસણીમાં પાસ થવાનું રહેશે.

➤ સ્પેશીયલ મેડિકલ બોર્ડ (SMB) દ્વારા ફીટ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોને જ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવશે.

➤ અનફીટ જાહેર થયેલા ઉમેદવારોને (SMB) ના પ્રેસિડન્ટ દ્વારા વિધિવત જાણ કરવામાં આવશે. પુનઃસમીક્ષા માટે અપીલ મેડિકલ બોર્ડ (AMB) સમક્ષ જવા માટે ઉમેદવારને જણાવવામાં આવશે. આવી અપીલ SMB પછીના ૪૨ દિવસમાં કરવાની રહેશે. AMB પૂર્ણ થયા બાદ એક જ દિવસમાં રિવ્યૂ મેડિકલ બોર્ડ (RMB) ની માગણી કરવાની રહેશે.

➤ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે AMB માટે રિક્રૂટિંગ ડાયરેકટોરેટની કોઈ ભૂમિકા નથી. RMB માત્ર DGAFMS આધારિત ગુણવત્તાના ધોરણો અંગે જે તે કેસમાં માત્ર નિર્દેશ આપી શકે છે તે સિવાય તેની પાસે કોઈ અધિકાર નથી.

➤ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તબીબી પરીક્ષા પૂર્વે તેમના કાન વેક્સ વડે સાફ કરાવી લે.

➤ એસ.એસ.બી.ના ઈન્ટરવ્યૂ પૂર્વે ખામીયુક્ત કલર વિઝન, વધુ વજન/ઓછું વજન, ઓછી છાતી, હરસ-મસા, ગાયનેકોમેસ્ટીયા, ગળાના કાકડા અંગે ચેકઅપ કરાવી લેવું.

❑ **શારીરિક ધોરણ :**

➤ ઓછામાં ઓછી ઊંચાઈ પુરૂષો માટે ૧૫૭.૫ સે.મી. તથા મહિલાઓ માટે ૧૫૨ સે.મી. હોવી જોઈએ.

❑ **તાલીમ અને ભવિષ્યની તક :**

➤ **તાલીમનો સમયગાળો :** ઓટીએ, ચેન્નાઈ ખાતે અંદાજે ૧૧ માસની તાલીમ લેવાની રહેશે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કર્યા બાદ ઉમેદવારોને લેફ્ટનન્ટની રેંકમાં કમિશન આપવામાં આવશે.

➤ એન્ટી ડેટ સિનિયોરીટી ધ્યાનમાં લેવાશે નહીં.

➤ **નિમણૂક :** એસએસઓ તરીકે પસંદ થયેલા ઉમેદવારે ભારતમાં અને વિદેશમાં ગમે ત્યાં ફરજ બજાવવાની રહેશે.

➤ **સૈન્યમાં રહેવાની સમય અવધિ :** અધિકારીઓએ સેનામાં પાંચ વર્ષ સેવા આપવાની રહેશે. ત્યારબાદ પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

➤ પરમેનન્ટ કમિશન માટે બિનપાત્ર ઠરેલા એસએસઓ જો શારીરિક રીતે ચૂસ્ત અને યોગ્ય જણાશે તો તેઓને સેનામાંથી છૂટા થવાની અંતિમ તારીખ બાદથી ૧૪ વર્ષ સુધી (જેમાં શરૂના પાંચ વર્ષનો સમાવેશ થઈ જાય છે) એસએસઓ તરીકે ચાલુ રહેવાનો વિકલ્પ આપી શકાશે.

❑ **પગાર ભથ્થાં અને અન્ય લાભો :**

➤ પસંદ થયેલા ઉમેદવારોને શરૂમાં લેફ્ટનન્ટની રેંકમાં રૂા. ૨૧૦૦૦ (મૂળ પગાર રૂા. ૧૫૬૦૦, ગ્રેડ પે રૂા. ૫૪૦૦ અને મીલીટરી સેવા માટેનો પગાર રૂા. ૬૦૦૦) પગાર ધોરણમાં કમિશન આપવામાં આવશે.

➤ જેમાં મોંઘવારી ભથ્થાં સાથે અન્ય લાભો જેવા કે, રાહત દરે આવાસ સુવિધા, નિઃશુલ્ક તબીબી સેવા, એલટીસી, ૬૦ દિવસની વાર્ષિક અને ૨૦ દિવસની પરચૂરણ રજા, કેન્ટિન સુવિધા, સ્કેલ પ્રમાણે અનાજ મળવાપાત્ર છે. કમિશન પૂર્વેની તાલીમમાં જોડાયાના દિવસથી ઓટીએના જેન્ટલમેન કેડેટને આર્મી ગ્રુપ ઈન્શ્યોરન્સ હેઠળ રૂા. ૬૦ લાખનું વીમા કવચ મળવાપાત્ર છે.

❑ **મહત્વની સૂચનાઓ :**

➤ જે ઉમેદવારોને અગાઉ NDA, IMA, OTA અથવા અન્ય સર્વિસ ટ્રેઈનિંગ એકેડેમીમાંથી શિસ્તના ધોરણે છૂટા કરવામાં આવ્યા હોય તો તેમણે અરજી કરવી નહીં.

➤ એક કરતાં વધુ અરજી મોકલવાર ઉમેદવારને માત્ર આ જ કોર્સ માટે નહીં પરંતુ ભવિષ્યમાં પણ સેનામાં કમિશન માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

➤ ઉમેદવારને નિયત સમયમાં જે તે કેન્દ્ર તરફથી કોલઅપ લેટર ન મળે તો સમજવું કે તેમની અરજી નિયત સમય બાદ મળી હશે અથવા પ્રાથમિક તારવણીમાં નીકળી ગઈ હશે અથવા અસ્વીકાર્ય લાગી હશે.

➤ આ બાબતે કોઈપણ પત્રવ્યવહાર વિચારણામાં નહીં લેવાય.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

➤ ઉમેદવારોએ માત્ર ઓનલાઇન અરજી કરવાની છે. આ માટે ઉમેદવારોએ વેબસાઇટ **www.joinindianarmy.nic.in** ઉપરં **તા.૧૬-૨-૨૦૧૬** સુધીમાં ઓનલાઇન અરજી કરવાની છે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા બાદ તેની બે પ્રિન્ટ આઉટ કાઢી લેવી.ઉમેદવારોએ સિલેકશન સેન્ટર ખાતે ઉપસ્થિત થતી વેળાએ નીચે દર્શાવેલ પ્રમાણપત્રો અસલમાં અને તેની સ્વયં પ્રમાણીત નકલો સાથે લાવવાની રહેશે.

(૧) ઓનલાઇન અરજીની એક પ્રિન્ટ આઉટ જેમાં સ્વયંની સહી કરવી અને ફોટો ચોંટાડવો.

(૨) જન્મતારીખની ખરાઈ માટે મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ પ્રમાણપત્ર

(૩) ધોરણ-૧૨નું પ્રમાણપત્ર અને માર્કશીટ

(૪) સ્નાતક પ્રમાણપત્ર

(૫) કાયદાના સ્નાતકનું પ્રમાપત્ર

(૬) બધા વર્ષ/સેમેસ્ટરની માર્કશીટ

(૭) બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે રજીસ્ટ્રેશન અંગેનું પ્રમાણપત્ર

➤ ઓનલાઇન અરજીની બીજી પ્રિન્ટ આઉટ ઉમેદવારોએ પોતાની પાસે રાખવી.

➤ અન્ય જાણકારી માટે રિક્રૂટિંગ ડાયરેકટોરેટનો ટેલિફોન નંબર **(૦૧૧) ૨૬૧૭૩૨૧૫** અથવા **વેબસાઈટ : www.joinindianarmy.nic.in**નો સંપર્ક કરવો. ●

# એડમિશન એલર્ટ

❑ **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ**

❖ **કોર્સનું નામ :** સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પિટીશન લૉ.

**કોર્સની મુદત :** ૩ માસ (ફેબ્રુઆરી થી એપ્રિલ-૧૬)

**ટોટલ મોડ્યુઅલ્સ :** ૦૩

કલાસીસ નવી દિલ્હી અને મુંબઈ ખાતે ચાલશે. ઓનલાઈન દ્વારા કોઈપણ સ્થળેથી પણ કરી શકાશે.

❖ **કોર્સનું નામ :** એડવાન્સ પ્રોફેશનલ કોર્સ ઈન કોમ્પિટીશન લૉ એન્ડ માર્કેટ રેગ્યુલેશન

**કોર્સની મુદત :** ૬ માસ (ફેબ્રુઆરી થી જુલાઈ-૧૬)

**ટોટલ મોડ્યુઅલ્સ :** ૦૬

કલાસીસ નવી દિલ્હી અને મુંબઈ ખાતે ચાલશે. ઓનલાઈન દ્વારા કોઈપણ સ્થળેથી પણ કરી શકાશે.

રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ : ૧-૨-૨૦૧૬

વેબસાઈટ : www.iica.com

❑ **વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા : નવી દિલ્હી**

❖ બી.વી. એસસી. અને એ.એચ.માં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા પ્રિ-વેટરીનરી ટેસ્ટ (AIPVT) - ૨૦૧૬

❖ ભારતભરમાં આવેલી (જમ્મુ-કાશ્મીર સિવાય) વેટરીનરી કોલેજોમાં ૧૫ ટકા બેઠકોમાં પ્રવેશ માટે મહત્વની પરીક્ષા

❖ **પરીક્ષાની તારીખ :** તા. ૧૪-૫-૨૦૧૬ને શનિવાર બપોરે ૨-૦૦ થી ૫-૦૦

❖ **યોગ્યતા :** યોગ્યતાના ધોરણ માટે વેબસાઈટ www.aipvt.vci.nic.in જોવી.

❖ **પરીક્ષા પદ્ધતિ :** પરીક્ષામાં હેતુલક્ષી પ્રકારના ૧૮૦ પ્રશ્નો પૂછવામાં આવશે. ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી (બોટની - ઝૂલોજી) વિષય આધારીત પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી ભાષામાં પૂછવામાં આવશે.

❖ **અરજી કરવાની રીત :** ઉમેદવારોએ વેબસાઈટ www.aipvt.vci.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવાની છે.

❖ **ફી :** સામાન્ય / અ.પ.વ.ના ઉમેદવારોએ પરીક્ષા ફી તરીકે રૂા. ૧૫૦૦, અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. ધરાવતા ઉમેદવારો રૂા. ૭૫૦ ચૂકવવાના છે.

❑ **નેશનલ પાવર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ : દુર્ગાપુર**

❖ પી.જી. ડિપ્લોમા ઈન થર્મલ પાવર પ્લાન્ટ એન્જિનિયરીંગ (એક વર્ષ)

❖ **યોગ્યતા :** માન્ય ટેકનિકલ બોર્ડમાંથી મિકે. / ઈલે. / ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ શાખામાં ત્રણ વર્ષનો ડિપ્લોમા/બી.ઈ. થયેલા અરજી કરવાપાત્ર નથી.

❖ **બેઠકોની સંખ્યા :** ૭૨

❖ **અરજી કરવાની રીત :** ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ ભરીને રૂા. ૫૭૩નો ડી.ડી. સાથે રાખી મોકલી આપવાના છે.

❖ **ભરેલા ફોર્મ મોકલવાનું સરનામું :**

Head of Institute, (NPTI (ER))

Eastern Region, Durgapur - 713216

West Bengal

❖ **વેબસાઈટ :** www.nptidurgapur.com

❖ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧-૨-૨૦૧૬** ●

# કાયદાના શિક્ષણમાં રોજગારીની તકો

વર્તમાન સમયમાં વધુને વધુ વિદ્યાર્થીઓ કાયદો એટલે કે લો ને એક આકર્ષક કારકિર્દીના રૂપમાં અપનાવી રહ્યા છે. જો આપણે ઈતિહાસ જોઈએ તો મોટા ભાગના દેશો કે કંપનીઓના વિકાસમાં વકીલો અથવા તો કાનૂન નિષ્ણાંતોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એ જ રીતે આપણા દેશમાં પણ ભૂતકાળના અને વર્તમાન સમયના અનેક લોકપ્રિય નેતાઓ વકીલાત સાથે સંકળાયેલા રહેલા છે.

કાયદાની કાનૂની શિક્ષાને વ્યવસાયનો મહત્વપૂર્ણ હિસ્સો માનવાની સાથે દેશની સાંસદ દ્વારા ખાસ વિધેયક પસાર કરીને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની કરવામાં આવી છે. જે દેશમાં કાયદાનો વ્યવસાય તેનું નિયમન અને પાલન કરાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ભારતમાં કાયદાના શિક્ષણને સંસ્થાકીય સ્વરૂપ આપવામાં પણ પહેલ કરી છે અને ૧૯૮૫ પછી દેશમાં સૌ પ્રથમ પહેલી કાયદાની વિશ્વ વિદ્યાલય બેંગ્લોરમાં સ્થાપવામાં આવી હતી જેનું નામ નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી રાખવામાં આવ્યું હતું.

આ વિશ્વ વિદ્યાલયનો હેતુ ભારતમાં કાયદાના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો અને ત્યારથી દેશમાં એલ.એલ.બી. અથવા બી.એલ. ઉપરાંત કાયદામાં પાંચ વર્ષની સંકલિત ડિગ્રી આપવાનું વલણ શરૂ થયું અને પાંચ વર્ષના અભ્યાસ પછી બી.એ. એલ.એલ.બી. ઓનર્સની ડિગ્રી પ્રદાન કરવાની શરૂઆત થઈ.

ત્યારબાદ દેશમાં કાયદાની વિવિધ શાખાઓમાં સંકલિત પદવી આપતી માન્ય કાયદા યુનિવર્સિટીઓની પણ સ્થાપના થઈ અને આજે દેશની મોટાભાગની જાણીતી યુનિવર્સિટી વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ પછી તુરત જ કાયદાની વિવિધ વિદ્યાશાખામાં પાંચ વર્ષના અભ્યાસક્રમ માટે સીધો પ્રવેશ આપે છે. ધોરણ ૧૨ પછી પ્રવેશ પરીક્ષા આધારે આવા સંકલિત કાયદાના અભ્યાસક્રમમાં સીધો પ્રવેશ આપવામાં આવે છે.

દેશમાં રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયોની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં દેશમાં છેલ્લા એક દાયકામાં કાયદાનું સ્વરુપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે.

નેશનલ લૉ યુનિવર્સિટી એટલે કે, રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયો આજે એવા અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને પુરા પાડે છે. જે આઈ.આઈ.એમ. અને આઈ.આઈ.ટી. દ્વારા વિદ્યાર્થીઓને પૂરા પડાતાં અભ્યાસક્રમોની સમકક્ષ હોય છે. રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયમાંથી પદવી પ્રાપ્ત કર્યા બાદ વિદ્યાર્થીઓને કાયદાના ક્ષેત્રમાં વિવિધ વ્યવસાયો માટે સંપૂર્ણ કૌશલ્ય પ્રાપ્ત થાય છે, એટલું જ નહીં પરંતુ અભ્યાસક્રમ પૂર્ણ કરીને બહાર આવતા કાયદાના વિદ્યાર્થીઓ માટે તેમના વ્યક્તિત્વને અનુરુપ વિવિધ વ્યવસાયો પણ મોજુદ હોય છે. કાયદાના વિષયમાં પાંચ વર્ષનો આ સંકલિત અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ માટે માત્ર વકીલાતનો એક માત્ર વ્યવસાય રહ્યો નથી. કોર્પોરેટ કાયદાઓ, બૌદ્ધિક સંપતિ કાયદા, વિવિધ કર માળખાને લગતા વિવિધ કાયદાઓ વગેરે ક્ષેત્રે રોજગારીની આકર્ષક તકો ઉપલબ્ધ હોય છે.

કાયદાના વિષયમાં પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓમાં કેટલાંક ખાસ ગુણો હોવા ઈચ્છનીય છે જેમાં

- વાતચીતની સારી કળા
- ત્વરિત પ્રતિભાવ અને શ્રેષ્ઠ યાદ શક્તિ
- ખુલ્લુ અને લચિલું દિમાગ
- સારી સત્તાયુક્ત નેતૃત્વની શક્તિ
- યોગ્ય તર્ક શક્તિ
- સારી શ્રવણ શક્તિ અને શ્રેષ્ઠ વક્તૃત્વકળા
- સિમિત મર્યાદાની બહાર વિચારવાની શક્તિ
- તમામ કાયદા કાનૂન નિયમ, વટહુકમ વગેરે અંગે જ્ઞાન
- અને કાયદાના ઘણા કેસ લાંબો સમય ચાલતા હોવાથી પરિણામ માટેની ધીરજ

**કાયદાના વિદ્યાર્થીઓ માટે નોકરી દાતાઓ :-**

ખાનગી કાયદા કાનૂની કંપનીઓ અને વિદેશી કાયદા કંપનીઓ અને પેઢીઓ નિયમિત રીતે રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયોમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને નોકરીઓ આપે છે. કાયદાના વિદ્યાર્થીઓને નોકરીઓ આપતી મોટી કંપનીઓમાં આઇ.ટી.સી., આઇ.બી.એમ., ઈન્ફોસીસ વગેરેનો સમાવેશ થાય છે.

**ન્યાયિક સેવાઓ** - ભારતમાં ન્યાયિક સેવાઓના માળખામાં ઝડપભેર વૃદ્ધિ થઈ રહી છે. જેને પગલે આગામી વર્ષોમાં દેશમાં તેજસ્વી અને સક્ષમ ધારાશાસ્ત્રીઓ અને ન્યાય સેવાઓને તજજ્ઞોની મોટી જરૂર પડશે. ભારતમાં ન્યાય વ્યવસ્થામાં ન્યાયધિશોની જગ્યાઓ પણ ખાલી છે. જે આવી રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયના સ્નાતકોથી ભરી શકાશે.

**પ્રવેશ પરીક્ષા –** દેશમાં આશરે ૧૭ જેટલા રાષ્ટ્રીય કાયદા વિશ્વ વિદ્યાલયોમાં પ્રવેશ માટે સંયુક્ત કાયદા પ્રવેશ પરીક્ષા યોજાય છે. આ પ્રવેશ પરીક્ષા દેશમાં સમાન ધોરણે યોજાય છે. આવી પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થીઓએ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરેલી જરૂરી છે. વર્ષ ૨૦૧૫ થી CLAT કોમન લૉ એન્ટ્રાન્સ ટેસ્ટનું ઓનલાઈન આયોજન કરવામાં આવે છે.

આ માટે લઘુત્તમ પ્રવેશ લાયકાતમાં ધોરણ ૧૨ કે તેની સમકક્ષ પરીક્ષા ઓછામાં ઓછા ૪૫ ટકા માર્કસ સાથે પસાર કરેલી હોવી જરૂરી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકા માર્કસ સાથે ધોરણ ૧૨ પાસ જરૂરી છે. કાયદામાં માસ્ટર ડિગ્રીમાં પ્રવેશ માટે માન્યતા પ્રાપ્ત વિશ્વ વિદ્યાલયો અને કોલેજમાંથી કાયદાની સ્નાતકની ડિગ્રી ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ સાથે પાસ કરેલી જરૂરી છે. એ જ રીતે એસ.સી. અને એસ.ટી. કક્ષાના વિદ્યાર્થીઓ માટે કાયદાની સ્નાતકની પદવી ૫૦ ટકા માર્કસ સાથે પાસ કરેલી હોવી જરૂરી છે. જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા દ્વારા અથવા વધુ પ્રયાસોથી પાસ થયેલા હોય તેઓ પણ પ્રવેશને પાત્ર છે. તેમણે નિશ્ચિત તારીખે પરીક્ષા ૫૫ ટકા અથવા ૫૦ ટકા માર્કસ સાથે પસાર કરી હોવાનું પ્રમાણપત્ર રજુ કરવું જરૂરી છે.

પ્રવેશની પરીક્ષા ૧લી જાન્યુઆરી ૨૦૧૬થી શરૂ થઈ છે ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૬ છે. વર્ષ ૨૦૧૬ માટેની સી.એલ.એ.ટી. ઓનલાઈન પરીક્ષા ૮મી મે ૨૦૧૬ના રોજ બપોરે ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી યોજાશે.

**પરીક્ષા પદ્ધતિ –** કુલ ૧૨૦ મિનિટની ઓનલાઈન પરીક્ષા પદ્ધતિમાં જુદા જુદા પાંચ વિભાગમાં કુલ ૨૦૦ પ્રશ્નો હોય છે. પ્રથમ વિભાગમાં ડિસ્ક્રીપ્શન એબીલીટી શાબ્દિક યોગ્યતા કુલ ૪૦ પ્રશ્નોમાં દરેક પ્રશ્નનો એક માર્ક હોય છે.

વિભાગ ૨ માં પ્રોબ્લેમ સોલ્વીંગ એટલે કે, સમસ્યાના સમાધાન અંગેના ૨૦ પ્રશ્નો હોય છે જેના દરેકના એક એક માર્કસ હોય છે.

વિભાગ – ૩માં કાનૂની અભિરૂચિને લગતા ૫૦ પ્રશ્નો હોય છે. જે દરેકના એક-એક માર્કસ હોય છે.

વિભાગ – ૪માં તર્ક સંગતતા આધારિત રીઝનીંગના ૪૦ પ્રશ્નો હોય છે અને દરેકના એક એક માર્કસ હોય છે.

પરીક્ષાના કુલ ગુણ ૨૦૦ છે અને પ્રત્યેક ચાર ખોટા જવાબ માટે ૧ માર્કસ દંડ તરીકે કાપવામાં આવે છે. ગાંધીનગર ખાતેની નેશનલ લૉ યુનિવર્સિટી પણ કાયદાનું સંકલિત શિક્ષણ આપતી દેશની રાષ્ટ્રીય લૉ યુનિવર્સિટીઓમાંની એક છે. ચાલુ વર્ષે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ઝડપી નિર્ણય લેવો ખૂબ જ જરૂરી છે. (સૌજન્ય : એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ)

– અનુવાદ : **આરતી પંડ્યા** ●

## ... અને આ પણ જાણો

- રાજ્યની ૯ હજાર ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓની ગુણવત્તા ઉત્તમ સ્તરે લઈ જવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં રાજ્ય સરકારના તમામ મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ, સનદી અધિકારીશ્રીઓ સહિત ૩૦૦૦ જેટલા પદાધિકારીઓએ તા. ૭ થી ૯ જાન્યુઆરી-૨૦૧૬ દરમિયાન રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ અભિયાન હાથ ધર્યું.
- રાજ્યમાં ૩૧ ડિસેમ્બર-૨૦૧૫ થી ૪ જાન્યુઆરી-૨૦૧૬ના દિવસો દરમિયાન યોજાયેલા રવિ કૃષિ મહોત્સવમાં ૩ લાખ ૪૧ હજાર ઉપરાંત ખેડૂતોએ કૃષિ નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવ્યું. આ ઉપરાંત રવિ કૃષિ મહોત્સવમાં ૬૬ કરોડની વિવિધ સહાયનું ૨૩ હજાર ઉપરાંત ધરતીપુત્રોને સહાયનું વિતરણ કરવામાં આવ્યું.
- રાજ્ય સરકારે આયાતી કુદરતી ગેસનો ભાવ ઘટાડો સીધો જ પીએનજી ઔદ્યોગિક વપરાશ કર્તા એવા લઘુ-મધ્યમ ઉદ્યોગોને આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે. જેના કારણે રાજ્યના લઘુ-મધ્યમ ઉદ્યોગોને વર્ષે રૂપિયા ૬૨૫ કરોડનો સીધો જ આર્થિક લાભ થશે.
- ગાંધીનગર ખાતે ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશિયલ મેડિસીનની ૪૩મી નેશનલ કોન્ફરસ, ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશિયલ મેડિસીન ગુજરાત સેક્ટરની ૨૩મી સ્ટેટ કોન્ફરન્સ અને ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશનની ૫મી સ્ટેટ કોન્ફરન્સનું સહિયારૂ આયોજન કરાયું હતું. આ કોન્ફરન્સમાં કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી જે. પી. નડ્ડાએ જાહેર આરોગ્યનો નિરામય આરોગ્ય બનાવી સ્વસ્થ ભારત - યુવા ભારતના નિર્માણ માટેના જુદા જુદા અનેકવિધ કાર્યક્રમો અમલમાં મૂક્યા છે તેમ જણાવેલ.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ૧૬ નગરપાલિકાના વોર્ડની રચના સીમાંકન તથા બેઠક ફાળવણીના આખરી આદેશો પ્રસિદ્ધ કરાયા.
- સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પતંગોત્સવ - ૨૦૧૬ અંતર્ગત ગુજરાતના થીમ પેવેલીયન અને જુદા જુદા સ્ટોલ્સને પ્રવાસન નિગમના ચેરમેનશ્રી કમલેશભાઈ પટેલે તા. ૯-૧-૨૦૧૬ના રોજ ખુલ્લા મૂક્યા હતા. તા. ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન આયોજીત ૨૭મા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૩૧ દેશોના ૯૮ થી વધુ પતંગબાજો સાથે દેશના ૮ રાજ્યોના પતંગબાજો પોતાના કક્ષાના કરતબ બતાવશે.
- સૌરાષ્ટ્રના મોરબીના સિરામીક ઉદ્યોગોને ગેસીફાયર સ્થાપવા માટે કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીસ અને કન્સેન્ટ ટુ ઓપરેટ આપવા સંદર્ભે મોરબી સિરામીક એસોસિએશનના સભ્યોએ મુખ્યમંત્રીને આભાર - અભિવાદન કર્યું હતું.
- મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે અમદાવાદમાં રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની વિશેષ ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૧૬નો રંગારંગ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પતંગ બાજોએ પોતાના રાષ્ટ્રના પ્રતિક સાથે માર્ચપાસ્ટ યોજી મહાનુભાવો અને નગરજનોનું અભિવાદન જીત્યું હતું.
- અમદાવાદ ખાતે ભારત વિકાસ પરિષદનું ગુજરાત ક્ષેત્રીય અધિવેશન યોજાઈ ગયું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે ભારત વિકાસ પરિષદ મુલ્ય આધારિત સમાજના નિર્માણ માટે કાર્યરત છે. સમાજ પરિવર્તન અને રૂપાંતરણ માટે તથા સંસ્કારિત સમાજના નિર્માણ માટે ભારત વિકાસ પરિષદનું કાર્ય અભિનંદનીય છે. ●

## અન્ય જાહેરખબર

❑ **એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા**

**જગ્યાનું નામ** : જુનિયર એક્ઝિક્યુટીવ (એર ટ્રાફીક કંટ્રોલ)

**જગ્યાની સંખ્યા** : ૨૦૦

**ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૩૦-૧-૨૦૧૬

**વેબ સાઇટ** : www.aai.aero

❑ **એરોનોટીકલ ડેવલપમેન્ટ ઓથોરિટી : બેંગલોર**

**જગ્યાનું નામ** : PE-1, PE-2, PE-4

**જગ્યાની સંખ્યા** : ૧૯

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૫-૧-૨૦૧૬

**વેબ સાઇટ** : http://www.ada.gov.in/recruit

❑ **ICAR - ભારતીય પ્રાકૃતિક રાવ એવં ગોંદ સંસ્થાન : ઝારખંડ**

**જગ્યાનું નામ** : ટેકનીકલ આસિસ્ટન્ટ, ટેકનિશીયન

**જગ્યાની સંખ્યા** : ૧૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૬-૨-૨૦૧૬

**વેબ સાઇટ** : http://www.lilri.ernet.in

❑ **ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ કેટરીંગ ટેકનોલોજી એન્ડ એપ્લાઇડ ન્યુટ્રીશીયન : શ્રીનગર**

**જગ્યાનું નામ** : લેકચરર કમ ઈન્સ્ટ્રક્ટર, એકાઉન્ટન્ટ, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, પીએ પ્રિન્સિપાલ, એલડીસી

**જગ્યાની સંખ્યા** : ૫

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૬-૨-૨૦૧૬

**વેબ સાઇટ** : www.ihmsrinagar.org

❑ **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ**

**જગ્યાનું નામ** : જુનિયર એન્જિનિયરીંગ આસિસ્ટન્ટ, (ફાયર એન્ડ સેફ્ટી, ઈન્સ્ટુમેન્ટેશન, ઈલેક્ટ્રિકલ, મિકેનીકલ, કેમિકલ)

**જગ્યાની સંખ્યા** : ૧૦૭

**ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૨૫-૧-૨૦૧૬

**વેબ સાઇટ** : www.panipatrefinery.in

❑ **આઈસીએઆર - ઈન્ડિયન ગ્રાસ લેન્ડ એન્ડ ફોડર રીસર્ચ સેન્ટર : ઝાંસી, ઉત્તર પ્રદેશ**

**જગ્યાનું નામ** : ટેકનિકલ આસિસ્ટન્ટ, લોઅર ડિવિઝન કલાર્ક

**જગ્યાની સંખ્યા** : ૨૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૬-૨-૨૦૧૬

**વેબ સાઇટ** : www.igfri.res.in

❑ **મિશ્ર ધાતુ નિગમ : હૈદરાબાદ**

**જગ્યાનું નામ** : આસિ. મેનેજર (માર્કેટીંગ), ડેપ્યુટી મેનેજર (માર્કેટીંગ)

**જગ્યાની સંખ્યા** : ૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૩-૧-૨૦૧૬

**વેબ સાઇટ** : www.midhani.gov.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૯-૧-૨૦૧૬)**

# આધુનિક કારકિર્દીનું ક્ષેત્ર-'વેડીંગ પ્લાનીંગ'

## રોજગારની આસપાસ

રાજેન્દ્ર ઉપાધ્યાય

''શું તમે પરંપરાગત (ટ્રેડીશનલ) કારકિર્દીના ક્ષેત્રને બદલે નવા જ પ્રકારના કારકિર્દીના ક્ષેત્રની શોધમાં છો ?''

''શું તમે કંઈક હટકે/સમથીંગ ડિફરન્ટ હોય, તેવા હાઈટેક તેમજ લેટેસ્ટ કરિયર ઓપ્શનની તલાશમાં છો ?''

''શું તમે ક્રિએટીવ કરિયર ફિલ્ડની શોધ કરી રહ્યા છો ?''

જો ઉપરોક્ત પ્રશ્નો અંગે તમારા જવાબો હકારમાં હોય, તો આજનો આ લેખ આપના માટે જ છે.

આમ, તો બારમાસી બની ગયેલી લગ્નની મોસમમાં 'વેડીંગ પ્લાનીંગ' એ એક ઝડપથી વિકસતું અને પ્રમાણમાં મોટી રોજગારીની તકો ધરાવતું ક્ષેત્ર બની રહ્યું છે. 'ઈવેન્ટ મેનેજમેન્ટ' ના મુખ્ય બે ક્ષેત્રો (૧) સેલીબ્રીટી મેનેજમેન્ટ (જે અંગેનો અલગ લેખ અગાઉ આવી ગયેલ છે.) અને (૨) વેડીંગ પ્લાનીંગ જોવા મળે છે. તો આજે 'વેડીંગ પ્લાનીંગ'ની વિસ્તૃત ચર્ચા કરીએ...

**'વેડીંગ પ્લાનીંગ'નો સામાન્ય ઈતિહાસ :**

અગાઉના જમાનામાં લગ્ન સમારંભનું સંપૂર્ણ આયોજન ઘરના માણસો જાતે કરતાં નજીકના સગા-વ્હાલાઓને અમુક જવાબદારી સોંપાતી. પરંતુ તેમાં લગ્નની વિવિધ વિધીઓને તેઓ માણી શકતા નહીં. આથી પ્રોફેશનલ ટચ ધરાવતા 'વેડીંગ પ્લાનીંગ'ની શરૂઆત થઈ. પરંતુ 'વેડીંગ પ્લાનર' ને કામ સોંપવાથી તેમની ફી/નફાને કારણે લગ્નનો કુલ ખર્ચ વધી જશે તેવી ભ્રામક માન્યતાઓને કારણે વર્ષો સુધી 'વેડીંગ પ્લાનીંગ' ના ક્ષેત્રને સ્વીકૃતિ મળી નહીં. પરંતુ વાસ્તવમાં 'વેડીંગ પ્લાનર'ને લગ્નનું આયોજન સોંપવાથી તેઓના અનુભવ અને સંપર્કોને કારણે અદ્યતન ચીજવસ્તુઓ વાજબી ભાવે ઉપલબ્ધ થઈ શકે છે. વેડીંગ પ્લાનર તેણે કરેલી જથ્થાબંધ ખરીદીના લાભ પોતાના કલાયન્ટને આપે છે. વળી, પ્રાપ્ય થતી વસ્તુઓ કે સેવા ગુણવત્તા સભર હોય છે.

આજના આધુનિક યુગમાં 'વેડીંગ પ્લાનીંગ'ના કોન્સેપ્ટને માન્યતા મળી ચૂકી છે. ખાસ કરીને મોટા બજેટવાળા લગ્ન સમારંભોમાં પ્રોફેશનલ 'વેડીંગ પ્લાનર' ની મદદ લેવાય છે. પોતાના ઘરના લગ્નપ્રસંગમાં કંઈક નવીન ઈચ્છતા ક્રિએટીવ લોકો પણ આવા 'વેડીંગ પ્લાનર'ને કરાર બદ્ધ કરી તેમની સેવાનો લાભ મેળવવા ઈચ્છે છે. આ ઉપરાંત લગ્ન સમારંભમાં પૂરતો સમય ફાળવી શકાય તેમ ન હોય કે ટૂંકાગાળામાં આયોજન કરવાનું હોય, તેવા સમયે પણ વ્યાવસાયિક 'વેડીંગ પ્લાનર' ની માંગ વધે છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે આજના યુગમાં થતા કુલ લગ્ન સમારંભો પૈકી આશરે ૬૦% લગ્નો પ્રત્યક્ષ રીતે આવા પ્રોફેશનલ ઈવેન્ટ મેનેજર દ્વારા ડિઝાઈન કરાયેલા હોય છે. જ્યારે પરોક્ષ રીતે ઈવેન્ટ મેનેજરની મદદ લેવાઈ હોય તેવા લગ્ન સમારંભોને ગણતરીમાં લઈએ, તો આ આંકડો આશરે ૮૦% ની આસપાસ પહોંચે છે !

**વેડીંગ પ્લાનર બનવા માટે જરૂરી લાયકાત :** અગાઉના જમાનામાં પાર્ટીપ્લોટોના માલિકો તેમજ મંડપ ડેકોરેટર્સ વગેરે 'વેડીંગ પ્લાનીંગ' નું કાર્ય કરતા તે સમયે 'વેડીંગ પ્લાનીંગ' કરવા માટે જરૂરી જ્ઞાન ને બદલે અનુભવને વધુ પ્રાધાન્ય અપાતું. પરંતુ ધીમે ધીમે પરંપરાગત લગ્નોને બદલે હાઈટેક લગ્નોની શરૂઆત થતાં વેડીંગ પ્લાનર બનવા માટે અદ્યતન જ્ઞાન જરૂરી બનવા લાગ્યું. પરિણામે 'ઈવેન્ટ મેનેજમેન્ટ' ના અભ્યાસક્રમો તરફની જાગૃતિ વધી.

આમ, વેડીંગ પ્લાનર બનવા માટે ઈવેન્ટ મેનેજમેન્ટનો સર્ટિફીકેટ કોર્સ / ડિપ્લોમા કોર્સ કે ડિગ્રી કોર્સ કરવો જોઈએ. અહીં વિદ્યાર્થી મિત્રોને આગ્રહભરી સલાહ છે, કે તેઓ સૌ પ્રથમ ઈવેન્ટ મેનેજમેન્ટ અંગેનો સર્ટિફિકેટ કોર્સ કરે, ત્યારબાદ પોતાને આ ક્ષેત્રમાં રસ પડે, આ ફિલ્ડમાં કારકિર્દીની તક જણાય, કમાણી મળવાની શકયતા દેખાય તો અને તો જ આગળ ડિપ્લોમા કોર્સ અને ત્યારબાદ ક્રમશઃ ડિગ્રી કોર્સ કરે, કારણકે કારકિર્દીના આ ક્ષેત્રમાં 'કમાણી' ઘણી હોવા છતાં વિદ્યાર્થીને પોતે આ ક્ષેત્રમાં કમ્ફર્ટ અનુભવાય તે જરૂરી છે. આથી સીધે સીધો મોટો ડિગ્રી કોર્સ ન કરવાની ભલામણ છે. વળી, આ અભ્યાસક્રમ અન્ય મુખ્ય વિષયના ગ્રેજ્યુએશનની સાથોસાથ પાર્ટટાઈમમાં કરવો જોઈએ કે જેથી 'ઈવેન્ટ મેનેજમેન્ટ' ના ક્ષેત્રમાં કારકિર્દી ન બની શકે તેવા સંજોગોમાં પણ સ્નાતકની પદવીને કારણે અન્ય ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાના દ્વાર ખુલ્લા રહે !

**'વેડીંગ પ્લાનર' તરીકેનું કાર્ય :** 'વેડીંગ પ્લાનર' તરીકે પોતાના કલાયન્ટનું બજેટ, તેમની પસંદગી નાપસંદગીને ધ્યાનમાં રાખીને લગ્નની સમગ્ર ઈવેન્ટનું ગુણવત્તાસભર અને અદ્યતન ઢબે પ્લાનીંગ કરવું. અત્યારના યુગમાં થીમ બેઈઝ્ડ લગ્નો ઈન ડિમાન્ડ છે. આથી આ અંગે પૂરતું સંશોધન કરીને આ પ્રકારના લગ્નોનું આયોજન કરવું. લગ્ન સમારંભોમાં વરરાજા / કન્યાની એન્ટ્રી ખૂબ જ મહત્વની છે. આથી હાલમાં જોવા મળતી વરમાળા એન્ટ્રી, હવનકુંડ એન્ટ્રી, ક્રેઈનની મદદથી હાઈડ્રોલીક સ્ટેજ પર એન્ટ્રી જેવી વિશિષ્ટ પ્રકારની પદ્ધતિઓનું પુરતુ જ્ઞાન મેળવતા રહેવું. વિન્ટેજ કાર/હાથી/ હેલિકોપ્ટરમાં વરરાજા કે કન્યા આવવાના હોય, તો તે અંગેની જરૂરી પરમિશન મેળવવી. લગ્નના ફેરા વખતે ફૂલોના વરસાદ ઉપરાંત પાછળની બાજુએ બટન દબાવીને કરવામાં આવતા ઈલેક્ટ્રિક ફાયર વર્કસ (એવા ફટાકડા કે જેનાથી દઝાય નહીં, LED લાઈટ, પાણી (ફુઝ પર) કે હવામાં ફેરા, ફાઉન્ટેઈન વગેરે માટેનું જરૂરી ટેકનિકલ જ્ઞાન મેળવવું. મોટા બજેટના લગ્નોમાં સેલિબ્રિટી બોલાવવામાં આવી હોય, ત્યારે સેલિબ્રિટી મેનેજર બનીને કોન્ટ્રાક્ટમાં જણાવેલી શરતો મુજબ સેલિબ્રિટી પરફોર્મન્સ ન કરે, ત્યારે કાનૂની રાહે પોતાના કલાયન્ટને વળતર અપાવવું. લગ્ન સમારંભમાં ડી.જે, પ્રોફેશનલ એંકર, શેડો આર્ટિટીસ્ટ, ફાઉન્ડેશન ગર્લ, ટેબલ આર્ટિટીસ્ટ જેવી કલાયન્ટ સર્વિસ કે ઈન્વીટેશન, રિમાઈન્ડર કોલ, થેંક્સ લેટર જેવી હોસ્પિટાલીટી સર્વિસ પુરી પાડવી.

**વેડીંગ પ્લાનરને મળતું વળતર :** વેડીંગ પ્લાનરનું વળતર લગ્ન સમારંભના કુલ બજેટ ઉપર આધારિત છે. સામાન્યતઃ વેડીંગ પ્લાનરને લગ્નના કુલ બજેટના ૧૦ થી ૨૫ ટકા જેટલું વળતર મળતું હોય છે. કેટલાંક વિસ્તારોમાં વેડીંગ પ્લાનરને અમુક નિશ્ચિત રકમનું વળતર પણ આપવામાં આવે છે. આમ છતાંયે સમગ્ર વ્યવસાય કલાયન્ટના સંતોષ પર આધારીત હોઈ, સંતુષ્ટ કલાયન્ટ દ્વારા વધુ વળતર મળવાના તેમજ અસંતુષ્ટ કલાયન્ટ દ્વારા નક્કી કરાયેલા વળતરમાં અમુક કપાત આપવાની શક્યતા છે. કેટલીકવાર કલાયન્ટ વેડીંગ પ્લાનરનું પેમેન્ટ તાત્કાલીક અટકાવીને લાંબે ગાળે ત્રૂટક - ત્રૂટક હપ્તાઓમાં પણ કરે છે.

**વેડીંગ પ્લાનીંગના વ્યવસાયની મર્યાદા :** વેડીંગ પ્લાનીંગના કારણે કલાયન્ટને વધુ સારી ચીજવસ્તુઓ તેમજ સેવા વાજબી ભાવે તેમજ અદ્યતન પ્રકારના પ્રાપ્ત થાય છે, કબૂલ. પણ સાથોસાથ વધુને વધુ સારું દેખાડવાના આશયથી કલાયન્ટનું બજેટ વધી જાય છે.

અન્યોના લગ્ન સમારંભોમાં સારી વ્યવસ્થા જોઈને કલાયન્ટ પોતાના લગ્ન સમારંભોનું પ્લાનીંગ કરવાનું કામ જે તે વેડીંગ પ્લાનરને સોંપે છે. પરંતુ તેઓની માંગણી કંઈક નવા જ પ્રકારનું અન્ય કોઈ જગ્યાએ ન જોવા મળ્યું હોય તેવું કરવાની હોય છે. આથી વેડીંગ પ્લાનરે સતત નવું અને ક્રિએટીવ વિચારવું પડે છે.

**વેડીંગ પ્લાનીંગના વ્યવસાયના લેટેસ્ટ ઈન ડિમાન્ડ :**

➤ વેડીંગ પ્લાનરનું કાર્ય વેડીંગ કાર્ડ તૈયાર કરવાથી શરૂ થાય છે અને હનીમુન ટૂરના પ્લાનીંગથી પૂર્ણ થાય છે.

➤ વેડીંગ પ્લાનર વેડીંગ કાર્ડને વધુને વધુ આકર્ષક બનાવવા ડિજીટલ વિડીયો સીડી, મિઠાઈ, ચાંદીનો સિક્કો વગેરેનો ઉપયોગ કરે છે. આજકાલ લગ્ન સમારંભોમાં હાજરી આપનારા આમંત્રિતોને વેલેટ પાર્કિંગની સગવડની શરૂ કરીને અંતમાં રિટર્ન ગિફ્ટ પણ આપવાનો રિવાજ છે.

➤ અત્યારના યુગમાં જે તે ગામ / શહેરના હોલ / પાર્ટીપ્લોટ કે કલબમાં લગ્ન સમારંભ યોજવાને બદલે ડેસ્ટીનેશન વેડીંગનું ચલણ વધ્યું છે કે જેમાં ઉદેપુરના મહેલમાં, (જરૂરી પરવાનગી મેળવીને) ગોવા જેવા દરિયા કિનારાના પ્રદેશનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે લગ્નમાં ૫૦૦ થી ૧૦૦૦ ગેસ્ટ હોય, તેની સામે આવા ડેસ્ટીનેશન મેરેજમાં માત્ર ૧૦૦ થી ૨૫૦ જેટલા જ ગેસ્ટ જોવા મળે છે. પરંતુ ડેસ્ટીનેશન મેરેજમાં સગવડોનું પ્રમાણ વધુ હોવાથી બંને પ્રકારના લગ્નોમાં ખર્ચો લગભગ સરખો જ થાય છે.

➤ લગ્ન સમારંભોમાં થતા કુલ ખર્ચાઓમાં સૌથી વધુ ખર્ચ ફુડ પાછળ થાય છે. જેમાં હોલમાં લાઈવ કોર્સીસ, બાર્બીક્યૂ, ફ્રુટ ડિસીસ સહિત ૭ કોર્સ લંચ/ડિનર જોવા મળે છે.

➤ સંગીત સંધ્યામાં પણ અંતાક્ષરી, કવ્વાલી નાઈટ, ગઝલ, સેલિબ્રીટી પરફોર્મન્સ, ફેમિલી પરફોર્મન્સ જેવી વિવિધતા જોવા મળે છે. તે જ પ્રમાણે મહેંદી ફંકશન સમયે ટેરો કાર્ડ રિડર, બંગડી તેમજ ટેટુ આર્ટિસ્ટ, નેઈલ પેઈન્ટ આર્ટિસ્ટ, તેમજ દૂલ્હા/દૂલ્હનની તમામ જરૂરિયાતોની પૂર્તિ માટે તેઓની સાથે જ પડછાયાની જેમ રહેતા શેડો આર્ટિસ્ટ જેવી વિવિધતા પણ જોવા મળે છે.

**રોજગારી T20 :** વેડીંગ પ્લાનીંગ કરી આપતી મોટી ઈવેન્ટ કંપનીઓમાં પાર્ટીપ્લોટ ઓનર્સ, ડેકોરેટર્સ, કેટરર્સ ઉપરાંત લોજિસ્ટીક, આર્ટિસ્ટ, એન્જિનિયર, સી.એ. તેમજ એમ.બી.એ.ની પણ સેવાઓ લેવાય છે !

# ટેરિટોરિયલ આર્મીમાં ઓફિસર તરીકે જોડાઓ

## ‘નાગરિક’ અને ‘સૈનિક’ એમ બેવડી ભૂમિકા અદા કરવાની તક

**અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૧-૨૦૧૬**

- **યોગ્યતાની શરતો :** માત્ર ભારતના પુરૂષ નાગરિકો અને એક્સ સર્વિસ ઓફિસર કે જેઓ તબીબી રીતે સક્ષમ છે તેઓ જ અરજી કરવાને પાત્ર છે.
- **વય મર્યાદા :** ઉમેદવારની વય તા. ૩૧-૧-૨૦૧૬ ના રોજ ૧૮ થી ૪૨ વર્ષની હોવી જોઈએ.
- **શૈક્ષણિક લાયકાત :** કોઈપણ માન્ય યુનિવર્સિટીના સ્નાતક. સ્વરોજગાર સરકારી/ખાનગી નોકરી કરતા ઉમેદવારો. (પોલીસ/પેરા મેડિકલ કોર્સ સિવાય)
- **સેવાની શરતો અને ધારાધોરણો :** લેફ્ટનન્ટના દરજ્જામાં કમિશન આપવામાં આવે છે.

➤ જ્યારે ઉમેદવારોને તાલીમ અને લશ્કરી સેવામાં લેવામાં આવે ત્યારે નિયમિત આર્મી ઓફિસરને લાગુ પડતો પગાર અને ભથ્થાં તેમજ વિશેષાધિકારો આપવામાં આવે છે.

➤ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ પાસ કર્યે ટાઈમ સ્કેલ ઉપર લે. કર્નલ સુધી બઢતી આપવામાં આવે છે. કર્નલ અને બ્રિગેડીયર સુધીની બઢતી પસંદગી કરીને આપવામાં આવે છે.

➤ ટેરિટોરિઅલ આર્મીમાં કમિશન મેળવનાર ઓફિસરને જરૂરિયાત મુજબ સમયગાળા માટે લશ્કરી સેવામાં બોલાવી શકાશે.

- **પગાર ધોરણ :**

➤ **લેફ્ટેનન્ટ :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૫૪૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **કેપ્ટન :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૬૧૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **મેજર :** પે બેન્ડ ૩ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા રૂ. ૬૬૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **લેફ કર્નલ :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૦૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **કર્નલ :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૭૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **બ્રિગેડિયર :** પે બેન્ડ ૪ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ વત્તા રૂ. ૮૯૦૦ ગ્રેડ પે વત્તા રૂ. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે.

➤ **લેખિત પરીક્ષા :** લેખિત પરીક્ષા બે ભાગમાં યોજાશે. ભાગ-૧-ટૂંકા નિબંધ, ભાગ-૨-જનરલ અવેરનેસને લગતા (જેમાં રાજનીતિ/આર્થિક બાબતો, આંતરરાષ્ટ્રિય બનાવો અને રમત-ગમતનો સમાવેશ થાય છે.) હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

- **તાલીમ :**

➤ કમિશનના પ્રથમ વર્ષમાં એક માસની ભરતી તાલીમ.

➤ પ્રથમ વર્ષમાં બે માસની મૂળભૂત તાલીમ

➤ આઈ. એમ.એ., દહેરાદૂન ખાતે પ્રથમ ચાર વર્ષમાં કમિશન મેળવ્યા બાદ ત્રણ માસની તાલીમ.

- **અરજી કેવી રીતે કરશો ?**

અરજી કરવા ઈચ્છુક સિવિલિયન ઉમેદવારોએ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાંથી અથવા આર્મીની વેબસાઈટ www.indianarmy.nic.in ઉપરથી અરજી ફોર્મ ડાઉન લોડ કરી જરૂરી વિગતો ભરી મોકલી આપવાનું છે. અરજીફોર્મની સાથે ૨૮ X ૧૨ સે.મી. સાઈઝના સ્વયંનું નામ-સરનામું લખેલું પરબીડિયું, બે પાસપોર્ટ સાઈઝના ફોટા, સાથે રાખી અરજી મોકલવાના પરબીડિયા ઉપર રૂા.૧૨ ની ટપાલ ટિકિટ ચોંટાડી નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા.

- ગુજરાત, દમણ-દીવ, દાદરા અને નગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે :

**PIB Cell, TA Group Headqarters,**
**Southern Command, Pune-1**

- **પરીક્ષા કેન્દ્રો :** જયપુર, પુણે, બેંગલોર, હૈદરાબાદ.
- **પસંદગી પ્રક્રિયા સિવિલિયન ઉમેદવારો માટે :** જે ઉમેદવારોની અરજીઓ યોગ્ય માલુમ પડશે તો તેવા ઉમેદવારોની તારવણી કરવા માટે પ્રિલિમીનરી ઈન્ટરવ્યૂ બોર્ડ (PIB) દ્વારા તેઓના સંબંધિત ટીએ હેટ ક્વાટર્સ ખાતે બોલાવવામાં આવશે.

➤ PIB દ્વારા પસંદ કરવામાં આવેલા ઉમેદવારોએ ડોક્યુમેન્ટેશન કે જે PIB બાદ તરત જ યોજાય છે તે સમયે સ્વયંની વિગતો, (સ્વયંના રોજગાર, નોકરી વિશે તથા તમામ સ્રોતમાંથી મળતી આવક દર્શાવતી વિગતો સહિત) ટૂકમાં દર્શાવતો બાયોડેટા રજૂ કરવાનો રહેશે.

➤ સફળ થયેલા ઉમેદવારોએ ત્યારબાદ અંતિમ પસંદગી માટે સિલેકશન બોર્ડ (SSB) અને મેડિકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે.

➤ જે ઉમેદવારો PIB ની લેખિત પરીક્ષામાં પાસ થયા હોય તેઓએ ઈન્ટરવ્યૂ સમયે નીચે દર્શાવ્યા મુજબ દસ્તાવેજો/પ્રમાણપત્રોની નકલો રજૂ કરવાની રહેશે.

➤ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો/માર્કશીટ.

➤ રજિસ્ટર્ડ એમ.બી.બી.એસ. તબી પાસેથી લેટેસ્ટ ફિઝિકલ ફિટનેસ સર્ટિફિકેટ.

➤ નોકરી કરતા ઉમેદવારો માટે તેઓની હેડ ઓફિસની માન્યતાનું સર્વિસ સર્ટિફિકેટ.

➤ સ્વરોજગાર, ખાનની વ્યવસાય કરતા ઉમેદવારોએ રૂ.૧૦ના બિન ન્યાયિક સ્ટેમ્પ પેપર ઉપર પોતાના ધંધા-રોજગારની વિગતોવાળું સોગંદનામું તૈયાર કરી તેને રાજ્યપત્રિત અધિકારી પાસે પ્રમાણિત કરાવી, છેલ્લે ભરેલી ઈન્કમટેક્ષ રિટર્ન અને પાન કાર્ડની પ્રમાણિત નકલ.

- **એક્સ સર્વિસમેન ઓફિસરો માટે :** એડિશનલ ડાયરેકટરેટ જનરલ ટીએ, આર્મી હેડકવાર્ટર, ‘એલ’ બ્લોક, નવી દિલ્હી ખાતે આર્મી હેડક્વાર્ટર સિલેકશન બોર્ડ દ્વારા ઉમેદવારોની ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ સફળ ઉમેદવારોએ મેડિકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે.

➤ સંપૂર્ણ ભરેલું અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી **તારીખ ૩૧-૧-૨૦૧૬** રાખવામાં આવી છે.

➤ સ્વરોજગાર મેળવતા ઉમેદવારો સિવાયના અન્ય તમામ ઉમેદવારોએ તેમની કચેરી મારફતે અરજીપત્રક મોકલવાનું રહેશે.

●

*(અનુસંધાન પાન નં. ૩ નું ચાલુ)*

- **APPLICATION FEE AND MODE OF REMITTANCE:**

♦ **Application Fee of Rs.1000/- (Non-Refundable) for the post** is to be deposited by the candidates through System Generated Challan at any branch of State Bank of India only**. However, the SC/ST/Women applicants are exempted from payment of fees.** Fee submitted by any other mode will not be accepted.

· Fees once paid will not be refunded under any circumstances. For depositing the requisite fee, candidates should visit the website: www.aai.aero and download the challan form available in the website. The candidates have to visit any branch of the **State Bank of India** for depositing the fee through pre-printed challan only.

· Candidates are advised to retain the “ORIGINAL” (candidate’s copy) Challan and keep it safely as it will be required to be produced at the time document verification/interview (in case of selection).

- **HOW TO APPLY:** Candidates are advised to read the following instructions carefully before applying on- line and also all the instructions given on main instruction page of on-line applications:

i) Candidates are required to apply On-line through AAI website www.aai.aero in English only. The link is available on www.aai.aero under tab “CAREERS”. No other means/mode of submission of applications will be accepted under any circumstances. The on-line registration process involves 02 (two) steps for successful registration of the application.

- **Other Instructions:**

(i) Admit card for written test/interview, containing the details of the centre/venue for the test/interview etc., will be sent to the candidates at their registered e-mail ID. The candidates are required to take a print-out of their admit cards. The candidates can also download their admit cards from the AAI website using their registration number and the password. Candidates will not be allowed to appear for written test/interview without valid admit card.

(ii) Candidates are advised in their own interest to register on-line much before the closing date as per schedule mentioned in para-1 of this Advertisement and not to wait till the last date for depositing the fees to avoid the possibility of disconnection/inability/failure to log on the AAI’s website on account of heavy load on internet/website jam/disconnection.

(iii) AAI does not assume any responsibility for the candidates not being able to submit their applications within the last date on account of the aforesaid reasons or for any other reason beyond the control of the AAI.

(iv) Please note that the above procedure is the only valid procedure for applying. Application shall not be accepted through any other mode.

***(v) The Admit cards issued to the candidates are purely provisional***. However, in case any ineligible candidate had been issued admit card and had appeared in the written examination or allowed to join the AAI, his/her candidature will automatically be treated as cancelled at any stage of this recruitment/service in AAI on grounds of his/her ineligibility. Therefore, before submitting the application, the candidate must ensure that he/she fulfills all the eligibility criteria as laid down in this advertisement. **His/her candidature will be purely provisional subject to eligibility and other verifications before or after his/her appointment in AAI.**

(vi) The decision of the AAI about the eligibility, acceptance or rejection of applications, mode of selection to the post etc. shall be final and binding. No correspondence will be entertained in this regard.

●

# કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવ

## ડ્રાયવર-કમ-પંપ ઓપરેટરની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧-૨-૨૦૧૬**

**જગ્યાની સંખ્યા : ૧૬**

**જાહેરાત ક્રમાંક : DFES/DD/Recruit Dri-Cum-P.O./2015-16/992**

❑ **જગ્યાની વિગતો :**

♦ **જગ્યાનું નામ** : ડ્રાયવર-કમ-પંપ ઓપરેટર (ગ્રુપ-'સી')

♦ **જગ્યાની સંખ્યા** : ૧૨ + ૪

♦ **પગાર ધોરણ** : રૂ. ૫૨૦૦ - ૨૦,૨૦૦ + ૧૯૦૦ ગ્રેડ પે

♦ **વય મર્યાદા** : ૧૮ થી ૨૭ વર્ષ. વિભાગના ઉમેદવારો માટે ૪૦ વર્ષ સુધી.

♦ **અનામત** : સામાન્ય - ૧૧, અ.પ.વ. - ૦૪, અ.જ.જા. - ૦૧

❑ **શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડમાંથી ધો. ૧૨ પાસ. ભારે વાહનો ચલાવવા અંગેનું માન્ય ડ્રાઈવીંગ લાયસન્સ તથા એક વર્ષનો અનુભવ. ઉમેદવારે ડ્રાઈવીંગ સ્કીલ ટેસ્ટ આપવાની રહેશે.

❑ **લઘુત્તમ શારીરિક ધોરણ :** ઊંચાઈ - બૂટ પહેર્યા વિના ૧૬૫ સેમી., છાતીનું માપ - ૭૯ સેમી. ફૂલાવેલી ૮૪ સેમી. ઉમેદવાર અંદાજે ૫૦ કિલો વજન ઊંચકીને ૧૦૦ મીટરનું અંતર ૧ મિનિટમાં દોડીને પૂર્ણ કરવાનું રહેશે. ઉમેદવારે માત્ર હાથની મદદથી ૪ મીટર ઊંચા દોરડા પર ચઢવાનું રહેશે. ઉમેદવાર ૬/૬નું દ્દષ્ટિનું ધોરણ ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર રંગ અંધત્વ, ત્રાંસી આંખ ધરાવતા ન હોવા જોઈએ.

❑ **ઈચ્છનીય :** ઉમેદવારને તરતા આવડવું જોઈએ. આ માટે ઉમેદવારે ૫૦ મીટરનું અંતર તરવાનું રહેશે. ધો. ૧૨ કક્ષાએ કોમ્પ્યુટર સાયન્સ / આઈ.ટી. એક વિષય તરીકે શીખેલા હોવા જોઈએ.

પસંદ થયેલા ઉમેદવારે પ્રારંભમાં છ માસની અવધિવાળા બેઝિક ફાયર ફાઈટીંગ ટ્રેનિંગ કોર્સમાં જોડાવવાનું રહેશે. આ તાલીમ પૂર્ણ થયા બાદ જ ઉમેદવારનો ઈજાફો મળવાપાત્ર થશે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નમૂના પ્રમાણે અરજી ફોર્મ તૈયાર કરી તા. ૧-૨-૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

The Office of Inspector General of Police/
Director of Fire & Emergency Services,
Daman & Diu, Police Headquarter,
Dunetha - Nani Daman-396210

♦ અરજી સાથે શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ, જાતિને લગતા પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલો બિડવી.

♦ આ જગ્યાઓ માટે ભારતીય નાગરિક ઉમેદવારો અરજી કરી શકે છે. પરંતુ કે.શા.પ્ર. દમણ અને દીવના મૂળ નિવાસી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

**આસિ. ડિવિઝનલ ફાયર ઓફિસર**

### APPLICATION FOR THE POST OF DRIVER-CUM-PUMP OPERATOR

**Administration of Daman & Diu**
**Department of Fire & Emergency Services**
**Daman & Diu, Daman.**

1. Applicant's Name ( in Block Letter)
2. Father's Name (in Block Letter)
3. Residential Address with email id and contact No.
4. Date of Birth
6 Whether SC/ST/OBC/PH
7. Domicile: DAMAN/DIU/OTHER (/ as appropriate)
8. Education qualification

Paste recent Self Attested Passport size Photograph

| Sr. No. | Board/University | Year of Passing | Percentage |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |

9. Information/documents regarding Educational and other Qualification:

( If enclosed)

(i) Pass Certificate and Mark sheet of 12th Class or equivalent qualification from recognized Board or University

10. Experience, if any.

| Name of Organization | Designation | Nature of duty | Period of Service | |
|---|---|---|---|---|
| | | | From | To |
| | | | | |

**Declaration**

I, declare that I fulfill all the conditions of eligibility regarding age limit and educational qualification, Experience etc. for the post of **DRIVER-CUM-PUMP OPERATOR.**

I declare that all statements made in this application form are true, complete and correct to the best of my knowledge and belief. I understand that in the event of any information being found suppressed/false or incorrect or ineligibility being detected before or after the examination, my candidature/appointment is liable to be cancelled.

**(Signature of the candidate)**

**Dated:** **Unsigned application will be rejected**

Note: Attach self attested copy of Birth/Educational/Experience Certificate/Caste Certificate (if relevant), Domicile Certificate (if of Daman/Diu), 05 recent self attested passport size photographs, failing which the application will be summarily rejected. ●

# ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે આયોગ દ્વારા તા. ૧૫-૧-૨૦૧૬(૧૩.૦૦ કલાક) થી તા.૩૦-૧-૨૦૧૬(૧૩.૦૦ કલાક) સુધી નીચે દર્શાવેલ જગ્યાઓ માટે **Online** અરજીઓ મંગાવવામા આવે છે. સદરહુ જગ્યાઓ માટેની જાહેરાતની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામા ં આવી છે. જયારે બાકીની વિગતો જેવી કે ઉંમરમા ં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીતે વિગેરે, આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોવા વિન ંતી છે. જાહેરાતની બધીજસ ંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **Online** અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ઉંમર ગણવામા ં આવશે.

❋જાહેરાત ક્રમા ંક : ૧૩૮

❋ જગ્યાનુ ંનામ : રેડીયોલોજીસ્ટ, ગુજરાત આરોગ્ય અને તબીબસેવા, (તજજ્ઞ સેવા) વર્ગ-૧

❋કુલ જગ્યા : ૪૯ (બિન અનામત-૨૭, સા.શૈક્ષણિક પછાત વર્ગ-૧૪, અ.જા.-૦૨, અ.જ.જા.-૦૬).કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત (બિન અનામત-૦૯, સા.શૈક્ષણિક પછાત વર્ગ-૦૪, અ.જા.-૦૦, અ.જ.જા.-૦૨)કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તા માટે અનામત-૦૧

❋ જા.ક્ર.-૧૩૮-૨૦૧૫૧૬નો ંધઃ (૧) કુલ જગ્યા પૈકી ૦૧ જગ્યા OL (one leg) effected L or R ની શારીરિક અશકત ઉમેદવારો માટે અનામત છે. OL (one leg) effected ( L or R ) ની શારીરિક અશકત ઉમેદવારો કે જેઓ પોતાની રીતે હરીફરી શકે ને કામગીરી કરી શકે તેઓ જ અરજી કરવાને પાત્ર છે. આ સિવાયની અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. (૨) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ સામે પુરતા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યાઓ સબ ંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે. (૩) બિન અનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ , અને અનુ.જનજાતિ માટેની કૂલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસ ંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસ ંદગીની -ક્રિયા દરમ્યાન -ાઙ્ઞ કરેલ ગુણ અને આયોગે સબ ંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઈ કરવામાં આવશે.

**જા.ક્ર.-૧૩૮-૨૦૧૫૧૬શૈક્ષણિક લાયકાત :** (1) માન્ય યુનિવર્સિટી / સ ંસ્થા કે ડીમ્ડ યુનિ. ની એમ.બી.બી.એસ.ની પદવી અથવા એમસીઆઈ એકટ 1956 ના -થમ અથવા બીજા પરિશિષ્ટ મા ં દર્શાવેલ લાયકાત અને (2) માન્ય યુનિવર્સિટીની રેડીયોલોજી વિષયમા ં અનુસ્નાતકનો ડિપ્લોમા અથવા એમસીઆઈ દ્વારા માન્ય કોઈ સમકક્ષ લાયકાત તથા સરકારી હોસ્પિટલનો અથવા પોતાની હોસ્પિટલ હોય કે જે સ્થાનિક સત્તાધિકારી પાસે રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેનો કે બિન સરકારી સ ંગઠનની માલિકીની સ ંચાલિત કે દેખરેખ હેઠળની હોસ્પિટલ કે ટ્રસ્ટની હોસ્પી.નો પેડીયાટ્રીક્સ વિષયમા ં બે વર્ષનો અનુભવ અથવા (3) ભારતમા ં કે ંદ્ર કે રાજયના અધિનિયમથી સ ંસ્થાપિત યુનિ,ઓ પૈકીની કો³ પણ યુનિની અથવા યુનિ તરીકે માન્ય થયેલી સ ંસ્થાની એમ.ડી ( રેડીયો ડાયોગ્નોસીસ / રેડીયોલોજી) ની પદવી અથવા એમસીઆઈ દ્વારા માન્ય અનુસ્નાતક સમકક્ષ લાયકાત (4) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમોની વખતોવખતની જોગવા³ અનુસારનુ ં કોમ્પ્યુટર અ ંગેનુ -ાથમિક જ્ઞાન. (5) ગુજરાતી અને / અથવા હિન્દીનુ પુરતુ ં જ્ઞાન.

**જા.ક્ર.-૧૩૮-૨૦૧૫૧૬ની ઉમરઃ** -સ્તુત જગ્યાના ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૪૦ વર્ષની છે. પર ંતુ ગુજરાત સરકારના તા.૨૩-૧૦-૨૦૧૫ના જાહેરનામા ક્રમા ંકઃજીએસ/૨૬/૨૦૧૫/સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/જી૫ અનુસાર વયમર્યાદામા પા ંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર હોઈ, ૪૫ વર્ષ સુધીના ઉમેદવાર અરજી કરી શકશે ઉપલી વય મર્યાદાની છુટછાટ વધુમા વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામા ં રહેશે

નો ંધઃ ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ, 1967 અનુસાર નો ંધણી કરાવેલ ન હોય તો આ જગ્યા માટે અરજી કરતા સમયે નો ંધણી કરાવેલ હોવી જરૂરી રહેશે.

**જા.ક્ર.-૧૩૮-૨૦૧૫૧૬ માટે પગાર :** ૧૫૬૦૦-૩૯૧૦૦/ + ગ્રેડ પે રૂ/ રુ.૬૬૦૦

નો ંધઃજા.ક્ર.**૧૩૮-૨૦૧૫૧૬** ની જાહેરાતમા ં ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ અરજીપત્રક તમામ જરૂરી બિડાણો તથા પોસ્ટ ઓફીસ / ઈ પેમેન્ટથી ફી ભરેલ ચલણ ( રિસીપ્ટ ) ની નકલ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ, પહેલો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-**૩૮૦૦૦૧** કચેરીમા ં તારીખ-**૧૦-૨-૨૦૧૬** સુધીમા ં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે અથવા રૂબરૂમા ં આપી જવાના રહેશે. ●

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*